RNI No. Guj Guj 2004/19315 Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2012

અંધ, અપંગ, બહેરા-મૂંગા, મંદબુધ્ધિ તથા કુષ્ઠરોગીઓને સમર્પિત માસિક સમાચાર પત્ર

# વિકલાંગ મિત્ર

તંત્રી : ભરતભાઈ આર. પટેલ

VIKLANG MITRA MONTHLY

● વર્ષ : ૮ ● અંક : ૨-૩ ● ઓક્ટો-નવે-૨૦૧૧ ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## "ઈશ્વર"નો સાચવતા ઈશ્વરનો....

આપ સૌને વંદન, સલામ, નમસ્કાર, સાષ્ટાંગ દંડવત પ્રણામ.

આ બધું માતા-પિતાના એક વિશેષ વર્તુળ (જૂથ) માટે છે. ઉખાણું લાગે છે ને ? આપ સૌને થતું હશે કે માતા-પિતાનું વળી વિશેષ વર્તુળ શું હોઈ શકે ? આ પ્રશ્નના જવાબમાં જત જણાવવાનું કે જે મા-બાપના ઘરે માનસિક, શારીરિક કે પછી માનસિક અને શારીરિક એમ બંને રીતે વિકલાંગ બાળકનો જન્મ થયો હોય તે તમામ (પરમ આદરણીય) માતા-પિતાને આ લેખ દ્વારા વંદન કરવા છે.

એવું જોયું, જાણ્યું અને અનુભવ્યું છે કે જેમને ત્યાં વિકલાંગ બાળકનો જન્મ થયો હોય તે મા-બાપ તેમનાં એ વિકલાંગ બાળકનું ખૂબ ખૂબ સરસ રીતે જતન કરતા હોય છે અને તે જતનનો દરજ્જો "પૂજા"થી જરાય ઉતરતો નથી હોતો.

આપણે ત્યાં કદરદાની (Sense of Appreciation) તો દુકાળ પ્રવર્તે છે. આપણી રૂઢ પરંપરામાં ખણખોદ અને કૂથલીને જે મહત્ત્વ મળ્યું છે, તેનાથી ચોથા ભાગનુંય મહત્ત્વ પ્રશંસા કે વખાણને મળ્યું નથી! પણ આજે કદરદાનીના અભાવના આ શાપમાંથી મુક્ત થઈને વિકલાંગ બાળક ધરાવતા તમામ વાલીઓની નતમસ્તકે, નમ્રતાપૂર્વક અને નિ:સ્વાર્થભાવે પ્રશંસા કરવી છે.

વિકલાંગ સંતાનનાં વાલીઓ તેમનાં એવા સંતાનને માત્ર ભરપૂર પ્રેમ જ કરે છે એવું નથી. ખરેખર તો એવું દેખાયું છે કે પોતાને ત્યાં જન્મેલાં વિકલાંગ બાળક શક્ય તેટલું વધારે સુખ પામે તેવા અહર્નિશ પ્રયત્નો દરેક મા-બાપ કરતાં હોય છે. આ પ્રયત્નોમાંથી મા-બાપ પોતાનું ચપટીક સુખ શોધી લેતા હોય છે.

શારીરિક રીતે વિકલાંગ બાળક તેના મા-બાપ માટે હંમેશાં અગ્રતાક્રમમાં રહે છે. અન્ય બાળક કરતાં તેના તરફ વધારે ધ્યાન અપાય છે. શારીરિક રીતે વિકલાંગ બાળકને તેની પંગુતાને ઓળંગી જઈને કશુંક વિશેષ સિદ્ધ કરે ત્યારે મા-બાપનો હર્ષ ક્યાંય સમાતો નથી.

માનસિક રીતે વિકલાંગ બાળકને સાચવતાં બાળકનાં માતા-પિતા બે ભૂમિકા ભજવે છે: (૧) વત્સલ મા-બાપની (૨) તાલીમ આપતા શિક્ષકની. માનસિક વિકલાંગ બાળકનો મનોવિકાસ એક તબક્કે અટકી ગયો હોય છે અને શરીર ઉંમરના પ્રમાણમાં વધતું રહે છે. આ વિરોધાભાસ મા-બાપ માટે વિકટ પરિસ્થિતિ સર્જે છે. બાળકના શરીરની માગ પૂરી કરવી અથવા તે પૂરી ન કરી શકાતી હોય તો તેનો વિકલ્પ પૂરો પાડવો. વળી,

**ઈશ્વરે આપેલા વિકલાંગ બાળકને અદ્ભુત ધૈર્યથી ઉછેરતા દરેક માતા-પિતાને તેમનું કર્મ ઈશ્વરની સમકક્ષ મૂકી આપે છે.**

માનસિક રીતે વિકલાંગ પુત્રીના જન્મદાતાની સ્થિતિ તો વિશેષ નાજુક હોય છે. આપણે ત્યાં તો સામાન્ય તંદુરસ્તી ધરાવતી દીકરીને પણ જો "સાપનો ભારો" ગણાવાતી હોય વિકલાંગ દીકરીનાં વાલી પર તો પહાડ જેવડો બોજ જ પડ્યો ગણાય.

માનસિક અને શારીરિક રીતે અપંગ બાળકના માતા-પિતાનું સ્થાન સૌથી ઉંચેરું છે. "તીર"ના આસન પર બેસીને તપ કરવું અને આવા સંતાનનાં મા-બાપ હોવું તે એક સરખી રીતે ઉંચાઈ પર બનતી ઘટના છે. આવા બાળકના વાલીઓ પોતાનો જીવનક્રમ આવા સંતાનને કેન્દ્રમાં રાખીને ઘડે છે અને પોતાનું સર્વસ્વ હોમી દેવાની ભાવનાથી આવા બાળકનો ઉછેર હસતાં હસતાં અને ઈશ્વર સામે કશી જ ફરિયાદ કર્યા વગર કરે છે. આપણે ત્યાં તપ કરવું એટલે વસ્ત્રો બદલવા, જંગલમાં ચાલ્યા જવું, મંદિરમાં બેસવું, ધ્યાન કરવું, માળા ફેરવવી વગેરેને ગણવાનો રિવાજ થઈ ગયો છે, પણ સંસારમાં સર્જાતા અગ્નિકુંડ પર બેસીને તપ કરતા સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓનાં કુટુંબોમાં બનતી આ ઘટનાને સમાજે સાવ સહજભાવે લઈ લીધી છે. પણ ના, એવું નથી. વિકલાંગ સંતાનના મા-બાપ હોવું તે સંસારમાં રહીને તપ કરવાની જ ઘટના છે. વળી, સૌથી મોટી અને નોંધપાત્ર વાત તો એ છે કે વિકલાંગ સંતાનનાં મા-બાપ કશી જ લઘુતાગ્રંથિ અનુભવ્યા વગર આવા બાળકોને ઉછેર કરે છે. દરેક પ્રવાસ સામાજિક સમારંભો, સાંસ્કૃતિક કાર્યક્રમો (પા.નં. ૩ ઉપર)

**સર્વે વાંચકો, શુભેચ્છકો, વિજ્ઞાપન દાતાઓને**

**નૂતન વર્ષાભિનંદન સહ પ્રણામ**

**નવા વર્ષે પણ આપનો એ જ પ્રેમ, હૂંફ, સહયોગ આપવા વિનંતી છે.**

**- તંત્રીશ્રી**

## નૂતન વર્ષાભિનંદન

## ધી મહેસાણા ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેન્ક લી.

ટેલિફોન નંબર - ૨૨૧૩૭૭,૨૨૧૩૩૨,૨૨૧૪૦૮, ૩૨૫૧૬૩, ૩૨૫૧૬૫,૩૨૫૧૬૬.
ફેક્સ નંબર : ૦૨૭૬૨ ૨૨૧૭૮૮.

-: મુખ્ય ઓફિસ :-
રાજ મહેલ રોડ, મહેસાણા - ૩૮૪૦૦૧
શાખાઓ ૯૬

ઉજ્જવળ ભવિષ્યના આયોજન માટે આ બેન્કમાં નાણાં રોકવાનો આગ્રહ રાખો

| | |
|---|---|
| વસુલ આવેલ શેર ભંડોળ | રૂા. ૧૯,૨૭,૬૩,૮૭૫ |
| રીઝર્વ ફંડ તથા બીજા ફંડો | રૂા. ૯૮,૮૧,૮૯,૨૬૩ |
| થાપણો | રૂા.૬,૯૫,૬૬,૨૬,૩૭૯ |
| વર્કીંગ કેપીટલ | રૂા.૮,૩૪,૫૬,૮૩,૦૫૦ |

૯૬ વર્ષથી જ્વલંત કારકીર્દી ધરાવતી રાજ્યની અગ્રગણ્ય બેન્ક

### વિશેષ સેવાઓ

| |
|---|
| એડહેસીવ સ્ટેમ્પથી સ્પેમ્પડ્યુટી ભરપાઈ કરવા માટે ગુજરાત સરકાર માન્ય લાયસન્સ મેળવેલ હોઈ, બેન્કની મુખ્ય ઓફિસ, મહેસાણા અને તાલુકા શાખાઓમાં સ્ટેમ્પ ફેન્કીગ સુવિધા ચાલુ છે. |
| આઈ.એન.જી.લાઈફ ઈન્સ્યોરન્સ કું. સાથે બેન્કે ટાઈઅપ કરી જીવન વીમા પોલીસી વેચાણનું કામકાજ કરે છે. |
| ઈફકો ટોકીયો જનરલ ઈન્સ્યોરન્સ કું. સાથે ટાઈઅપ કરી જિલ્લાની સહકારી મંડળીઓના જનરલ વીમાની કામગીરી કરે છે. |

નટવરલાલ પિતામ્બરદાસ પટેલ
ચેરમેન

લાઘુભાઈ બી. પાવરા
ઈનચાર્જ મેનેજર

લીલાચંદભાઈ વી. પટેલ
વાઈસ ચેરમેન


(અનુસંધાન પા.નં. ૧ થી ચાલુ...)

વગેરે તમામ સ્થળે પોતાના આવા સંતાનને (બા-અદબ-બામુલાયઝા) સાથે રાખે છે. ઈશ્વરની જાણે વિશેષ પ્રસાદી હોય તેમ સમજીને આવા બાળકનો હૃદયપૂર્વક સ્વીકારે છે.

ઉપર જે વાત લખી છે તે સામાન્ય સ્થિતિનાં માતા-પિતાની જ નથી. સમાજમાં મોભાદાર, અગ્રણી, સક્રિય ગણાતા લોકોને પણ આ વાત યથાતથ સ્પર્શે છે.

ઈશ્વર કોને, શું, ક્યારે અને કેવું આપે તેનો કોઈ તાળો જ મળતો નથી. ત્યારે ઈશ્વર દ્વારા પોતાની ઝોળીમાં નંખાયેલા અપંગ બાળકનો અદ્ભૂત ધૈર્યથી ઉછેર કરનાર જગતના દરેક માતા-પિતાને કહેવું છે કે આપ જે કર્મ કરો છો તે ઈશ્વરની સમકક્ષ આપને મૂકી આપે તેવું છે. કારણકે આપ આપના વિકલાંગ બાળક માટે તો ઈશ્વર જ છો તે નિશ્ચિત છે. એટલે ઈશ્વરના એક માનવીય સ્વરૂપને (એટલે કે આપ સૌને) વંદન છે.

વ્યક્તિની ઉંચાઈ સામે જ્યારે શબ્દ નાના બને ત્યારે સમજવું કે "શબ્દ" એ પોતાનું કામ શ્રેષ્ઠ રીતે કરી લીધું છે. એ ભાવ સાથે આ વાત અહીં પૂર્ણ કરીએ •

**ઈતિ સિદ્ધમ્ :** "લાખ પૂછો તોય કશું નહીં કહેવાના, એકવાર જેણે વેદનાને વળોટી છે." - રાજેન્દ્ર શુક્લ

સૌજન્ય : દિવ્ય ભાસ્કર લેખક : મનોજ શુક્લ

## અપંગના ઓજસ

બાવીસ માઈલ લાંબી કેટાલિના ચેનલને બંને બાજુથી તરીને પાર કરવાનો સૌ પ્રથમ વિક્રમ નોંધાવનારી એક મહિલા છે. ૧૯૫૮ના ઓક્ટોબર માસમાં ગ્રેટા એન્ડરસન નામની ત્રીસ વર્ષની ગૃહિણીએ આ સિદ્ધિ મેળવી. કુલ ૪૪ માઈલ પાર કરવા માટે એ ૨૬ કલાક, ૫૩ મિનિટ અને ૨૮ સેકન્ડ સુધી તરતી રહી. આવું લાંબી તરનારી નારીના જીવનની અદ્ભૂત હકીકત એ છે કે એણે આ સિદ્ધિ મેળવી તે પહેલાં છ વર્ષ અગાઉ વાના સખત દુ:ખાવાને કારણે એ એના પગ હલાવી ચલાવી શકતી ન હતી. •


## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વિજાપુરના

## નુતન વર્ષાભિનંદન

ઓફિસ ફોન નં. ૨૨૦૦૦૧,૨૨૧૦૦૧

**બજાર સમિતિ, વિજાપુરના બજાર વિસ્તારમાં ખેતી ઉત્પન્ન ચીજો વેચવા લાવતા ખેડૂત ભાઈઓ તથા વેપારી ભાઈઓને તથા તાલુકાના તમામ નાગરિકોને નવા વર્ષના નુતન વર્ષાભિનંદન પાઠવે છે.**

- બજાર સમિતિના માર્કેટ યાર્ડોમાં કપાસ, અનાજ, તેલીબીયાંનું ખરીદ - વેચાણ સારા પ્રમાણમાં થાય છે. ખેડૂતોને ખરૂં તોલ, રોકડ નાણાં તરત ઉપલબ્ધ થાય છે. ખેડૂતોને ઠંડા પાણી તેમજ ભોજનની સુવિધા ઉપલબ્ધ છે.
- બજાર સમિતિ તરફથી વિજાપુર તાલુકાના તમામ નાગરિકો માટે જુથ વિમા યોજના અંતર્ગત અકસ્માત વિમાના રૂા. ૫૦,૦૦૦/- ચુકવવામાં આવે છે.
- બજાર સમિતિ તરફથી ફાયર ફાઈટરની સુવિધા ઉપલબ્ધ છે. જેનો ટે.નં. ૨૨૦૧૯૦ છે. જે સેવા ૨૪ કલાક કાર્યરત છે.


શ્રી રણછોડભાઈ જી. પટેલ
વા. ચેરમેન

શ્રી રમેશભાઈ એસ. પટેલ
ઈન્ચાર્જ સેક્રેટરી

શ્રી પ્રહલાદભાઈ આઈ. પટેલ
ચેરમેન

સદસ્યશ્રીઓ તથા કર્મચારી ભાઈઓ

# નૂતન વર્ષાભિનંદન



ઘરનું ઘર | SINCE 1967
PARSHWANATH

## રાજલક્ષ્મીનો મનસૂબો

ચોવીસ વર્ષની બેંગ્લોરની ડેન્ટિસ્ટ રાજલક્ષ્મીની જીવનલક્ષ્મી એકાએક હણાઈ ગઈ. ટેનિસ ખેલતી, ચિત્રો દોરતી અને ગાતી રાજલક્ષ્મી શાસ્ત્રીય અને પાશ્ચાત્ય નૃત્યકલામાં પણ કુશળ હતી. કોલેજમાં એ ભારતનાટ્યમ્‌ની સાથોસાથ ડિસ્કો પણ કરતી હતી. સૌથી વધુ તો ડેન્ટિસ્ટ્રીમાં દાંતના ડૉક્ટર તરીકેના અભ્યાસમાં એ મોખરે હતી. પરંતુ એકવાર એ ચેન્નાઈમાં કોન્ફરન્સમાં ભાગ લઈને પાછી ફરતી હતી ત્યારે એને અકસ્માત થયો અને વેલ્લોરની ક્રિશ્ચિયન મેડીકલ કોલેજમાં ડૉ. એસ.જે. રાજલક્ષ્મીએ ચાલવા પ્રયત્ન કર્યો ત્યારે ખબર પડી કે કમરથી નીચેનું એનું ડાબુ અંગ પેરેલીસીસને કારણે નિષ્ક્રિય બની ગયું છે. એને કરોડમાં ઈજા થઈ હતી અને સમય જતાં એણે જાણ્યું કે એ જિંદગીમાં ક્યારેય ચાલી શકે તેમ નથી. પણ તેથી શું ? રાજલક્ષ્મીએ નિર્ધાર કર્યો કે એ ફરી પ્રવૃત્તિશીલ જીવન જીવવા ચાહે છે. ઓર્થોડેન્ટિક્સમાં પોસ્ટ ગ્રેજ્યુએટ કરવા ઈચ્છે છે અને એની પ્રવેશ પરીક્ષામાં પણ સારું પરિણામ લાવી. એ વ્હીલચેરમાં ઘૂમતી હતી. પરંતુ એને ફિઝીકલી ચેલેન્જ માટેની સીટમાં પ્રવેશ ન મળ્યો. રાજલક્ષ્મીની માતા ડૉ. શોભા મૂર્તિએ પણ મનોમન નિર્ધાર કર્યો હતો કે રાજલક્ષ્મીની તમામ ઈચ્છાઓ પૂરી કરવી. આથી કાયદાની અદાલતમાં એ ગયા. અદાલતે રાજલક્ષ્મી અને બીજી ચોવીસ વિકલાંગ વ્યક્તિઓને ડેન્ટલ અને મેડિકલ કોર્સ માટે પ્રવેશ આપવાનો આદેશ આપ્યો. એક સમય એવો હતો કે રાજલક્ષ્મી જાતે સેલફોન પણ ઉપાડી શકતી નહીં.

આજે એ બેસી શકે છે. કેલીપરથી ચાલી શકે છે અને ખાસ પ્રકારની મોટરમાં બેસીને જાતે હરીફરી શકે છે. એને માટે અભ્યાસ એ મુખ્ય બાબત છે, અને એ કોઈ પણ સંજોગોમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી મેળવવા ચાહે છે. અકસ્માત પૂર્વે રાજલક્ષ્મી અનેકવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેતી હતી. આજે અકસ્માત પછી પણ કોલેજની અને ઈતર પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. તફાવત એટલો છે કે આજે આ કામ વ્હીલચેરથી કરે છે. •

## અંધ કલ્યાણ કેન્દ્ર, અમદાવાદનો ૪૫મો સ્થાપના દિન ઉજવાય ગયો

અંધ કલ્યાણ કેન્દ્ર તેના ૪૫મા સ્થાપના દિન ઉજવણીરૂપે તા. ૬-૧૦-૧૧ના રોજ સ્નેહમિલન યોજવામાં આવેલ હતું. આ શુભ પ્રસંગે અમદાવાદમાં વસતા ૧૦૦ પ્રજ્ઞાચક્ષુ પરિવારોને અનાજ-કરિયાણું તેમજ અન્ય ધરવપરાશની ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવેલ અને રૂા. ૧૦૦/- રીક્ષા ભાડા પેટે આપેલ તેમજ આ પ્રસંગે સુગમ સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમારંભના પ્રમુખશ્રી તરીકે બળદેવભાઈ જે. પટેલ (એમ.ડી. નવનિર્માણ બેંક, અમદાવાદ), મુખ્ય મહેમાનશ્રી લાયન ભાનુભાઈ પટેલ (ડીસ્ટ્રીક્ટ ચેરમેન, આ.ઓ.એલ.) અતિથિ વિશેષશ્રી ડૉ. કલાવતીબેન એમ. શાહ (પૂર્વ સુપ્રિ. શારદાબેન હોસ્પિટલ) હતા. અનાજની કીટના મુખ્ય દાતાશ્રીઓ સ્વ. શ્રી નિર્મળાબેન એચ. શાહ, શ્રી ઉષાબેન એચ. શાહ, ડૉ. કલાવતીબેન એમ. શાહ હતા. સંસ્થાના પ્રમુશ્રી સુર્યાબહેન શાહે સંસ્થાની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. સમારંભનું સંચાલન ઉપપ્રમુખશ્રી કુમુદબેન શાહે કર્યું હતું.

## વિકલાંગો માટે જીવનસાથી પસંદગી સંમેલન

સોસાયટી ફોર ધી ફિઝીકલી હેન્ડીકેપ્ડ, ઈ.એમ.ઈ. રોડ, ફતેહગંજ, વડોદરા દ્વારા તા. ૮-૧-૨૦૧૨ ને રવિવારના રોજ તમામ પ્રકારના વિકલાંગ ભાઈ-બહેનોનું જીવન સાથી પસંદગી સંમેલન રાખવામાં આવેલ છે. રસ ધરાવતા વાલીઓએ તેમજ વ્યક્તિઓએ તા. ૩૦-૧૧-૨૦૧૧ સુધી ફોર્મ મેળવી જમા કરાવવા જણાવવામાં આવે છે. વધુ માહિતી માટે સંપર્ક : ૯૮૯૮૦ ૨૬૩૩૫ નરેન્દ્રભાઈ પટેલ, ૯૪૨૭૩ ૩૦૭૪૯ હરિવદનભાઈ ગાંધી, ૯૮૨૪૬ ૨૪૯૫૦ નિલેશભાઈ મહેતા, ૯૮૭૯૫ ૫૭૦૫૧ દિલીપભાઈ મિસ્ત્રી. કાર્યાલયનો ફો.નં. (૦૨૬૫)૨૭૯૨૨૪૨.

## કૃત્રિમ અંગ : માર્ગદર્શન

વિકલાંગોને કૃત્રિમ અંગો પૂરા પાડવાનું સરાહનીય કાર્ય વેદાંતમ મૂર્તિ કરી રહેલ છે. પોતે અકસ્માતમાં બંને પગ ગુમાવી દેતા ખૂબ ખર્ચાળ સારવાર પૂણે હોસ્પિટલમાં લીધી હતી. હાલ કૃત્રિમ પગ દ્વારા તેઓ વ્હીકલ પણ ચલાવી શકે છે. પોતાની વેદનાના અર્વિભાવરૂપે તેમણે "કૃત્રિમ અંગ કેન્દ્ર" ડૉ. સરમા.ના સહયોગથી શરૂ કરેલ છે.

જરૂરતમંદ વિકલાંગોએ સલાહ-સૂચન, માર્ગદર્શન માટે વેદાંતમ મૂર્તિ, કૃત્રિમ અંગ કેન્દ્ર, પાલાકોલ પો.ઓ., જિ. પશ્ચિમ ગોદાવરી, આંધ્રપ્રદેશનો સંપર્ક કરી શકે છે. તેમની વેબ સાઈટ ability@ ability foundation.org થી વિશેષ માહિતી મેળવી શકશે. આ માહિતી ઝુબીન નાલલાદારૂ, સુરતે મોકલી છે.

## મફત કૃત્રિમ પગ સેન્ટરની માહિતી

ધી ગુજરાત રિચર્સ એન્ડ મેડીકલ ઈન્સ્ટીટ્યુટ, રાજસ્થાન હોસ્પિટલ, મહાવીર વિકલાંગ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪, ફો.નં. ૨૨૮૬૩૬૭૫, ૨૨૮૬૬૩૧૧-૧૨, એસ.સી. હુંડીયા-૯૪૨૬૭ ૨૦૮૨૩. છેલ્લા ૨૬ વર્ષથી વિનામૂલ્યે આ સેવાયજ્ઞ ચાલે છે.

## વિકલાંગ મિત્ર અંગે

**● વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/- આજીવન લવાજમ રૂા. ૧,૦૦૦/-**

**● આજીવન લવાજમ ઓછામાં ઓછા દસ વર્ષ સુધી ગણાશે.**

**● લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટથી, એટપાર પેયેબલ ચેકથી મોકલી શકાશે. અથવા "વિકલાંગ મિત્ર"ના યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની ભારતની કોઈપણ શાખામાં ૪૪૮૨૦૧૦૧૦૦૩૨૦૨૯ ખાતા નંબરમાં ભરી કાઉન્ટર સ્લીપ મોકલી શકાશે.**

**● લવાજમ કે અન્ય નાણાંકીય વ્યવહાર માટે કોઈ એજન્ટ કે એજન્સી નિમવામાં આવેલ નથી. "વિકલાંગ મિત્ર" ના નામે કોઈપણ સાથે નાણાંકીય વ્યવહાર કરવો નહીં. આ બાબતે જે-તે વ્યક્તિ કે સંસ્થાની જવાબદારી રહેશે.**

**● પ્રેસનોટ ટૂંકમાં લખવા વિનંતી છે. સમાચાર, સંસ્થા માહિતી વગેરે સંસ્થાના લેટરપેડ પર પ્રમુખ કે મંત્રીના સહી-સિક્કા સાથે મોકલવા વિનંતી છે.**

**● સંપર્ક સૂત્ર :-**

**તંત્રીશ્રી, વિકલાંગ મિત્ર, મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા, પી.નં. ૩૮૨૮૬૦, મો.નં. ૯૭૨૬૦ ૪૩૯૧૧**

*તંત્રી, માલિક, પ્રકાશક : ભરતભાઈ આર. પટેલ , મુદ્રક : પ્રવિણભાઈ કે. પટેલ, શિવ ઓફસેટ, પાર્થ કોમ્પલેક્ષ, વિજાપુર,જી. મહેસાણા ખાતે છપાવી મુ.પો. માઢી-૩૮૨૮૬૦, તા. વિજાપુર, જી. મહેસાણા થી પ્રસિધ્ધ કર્યું. મો.નં. :૯૭૨૬૦૪૩૯૧૧, ઈ-મેલ :viklangmitra@yahoo.com*